તા.:૧૮-૦૭-૨૦૨૦ ના રોજ મળેલ કારોબારી કમિટીની કાર્યનોધ....

---

તા.: ૧૮-૧-૨૦૨૦ ના રોજ મળેલ કારોબારી કમિટીની કાર્યનોધ વંચાયેલી ગણી કન્ફર્મ કરવામાં આવી. અને  કોરોના વાયરસની વેશશ્વિક માહામાંરીના સમયમાં સરકારશ્રી દવારા લોક્ડાઉન કરવામાં આવેલ જેથી કમિટી મળેલ ન હોય જેથી કામગીરી ખોરંભે ન પડે તે માટે કારોબારી કમિટીમાં થયેલ સરક્યુલર ઠરાવો વંચાણે લેવામાં આવ્યા. જેને બહાલી  આપવામાં આવી.

કા.સ.ઠ.નં. -૪૫ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

કામ ન.-૧.

વિષય.:

ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન તરફથી ફાળવવામાં આવેલ છોટા હાથી ટેમ્પાનું રજી. નં.GJ-15-G-345,રીપેરીંગ કામ કરાવવા અંગેનું આવેલ બીલ રૂ.૬૯,૭૪૯ /-મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન તરફથી નગરપાલિકાને ટાટા કંપનીના છોટા હાથી ટેમ્પા નંગ-૬ ( છ) ફાળવવામાં આવેલ હતા. તે પૈકી ટેમ્પો રજીસ્ટ્રેશન નંબર : GJ-15-G-345, હાલે બંધ હાલતમાં હોઈ તેનું રીપેરીંગ કામ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. ટાટા કંપની તરફથી તેના વાહનોનું રીપેરીંગ કામ / સર્વિસ વિગેરે કરવા માટે કંપનીના ઓથોરાઈઝડ ડીલરો પાસેજ કરાવવામાં આવે છે તે મુજબ વલસાડ કે તેની આજુબાજુના વિસ્તાર માટે શ્રી લક્ષ્મીકૃપા ઓટો સર્વિસ ( LLP ) શંકર તળાવ, ડુંગરી, ને.હા.નં.: ૦૮,તા.જી.વલસાડ કે જેઓ ટાટા કંપનીના ઓથોરાઇઝડ ડીલર છે તેમની પાસે આ ટેમ્પાનું રીપેરીંગ કામ કરાવવાનું તથા આવેલ બીલ રૂ.૬૯,૭૪૯/- પુરાનું આવેલ બીલ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર..

કા.સ.ઠ.નં. -૪૬ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

કામ ન.-૨.

વિષય.:

ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન તરફથી ફાળવવામાં આવેલ છોટા હાથી ટેમ્પાનું રજી. નં.GJ-15-G-346,રીપેરીંગ કામ કરાવવા અંગેનું આવેલ બીલ રૂ.૬૯,૨૪૪ /-મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન તરફથી  નગરપાલિકાને  ટાટા કંપનીના  છોટા હાથી ટેમ્પા નંગ-૬ ( છ) ફાળવવામાં આવેલ હતા. તે પૈકી ટેમ્પો રજીસ્ટ્રેશન નંબર : GJ-15-G-346, હાલે બંધ હાલતમાં હોઈ તેનું રીપેરીંગ કામ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. ટાટા કંપની તરફથી  તેના વાહનોનું રીપેરીંગ કામ / સર્વિસ વિગેરે કરવા માટે કંપનીના ઓથોરાઈઝડ ડીલરો પાસેજ કરાવવામાં આવે છે તે મુજબ વલસાડ કે તેની આજુબાજુના વિસ્તાર માટે શ્રી લક્ષ્મીકૃપા ઓટો સર્વિસ ( LLP ) શંકર તળાવ, ડુંગરી, ને.હા.નં.: ૦૮,તા.જી.વલસાડ કે જેઓ ટાટા કંપનીના   ઓથોરાઇઝડ ડીલર છે તેમની પાસે આ ટેમ્પાનું  રીપેરીંગ કામ કરાવવાનું તથા આવેલ બીલ રૂ.૬૯,૨૪૪/- પુરાનું આવેલ બીલ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર.

કા.સ.ઠ.નં. -૪૭ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-3.

**<u>વિષય.:</u>**

ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન તરફથી ફાળવવામાં આવેલ છોટા હાથી ટેમ્પાનું રજી. નં.GJ-15-G-347,રીપેરીંગ કામ કરાવવા અંગેનું આવેલ બીલ રૂ.૬૮,૮૨૨ /-મંજુર કરવા બાબત..

**<u>ઠરાવ.:</u>**

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન તરફથી નગરપાલિકાને ટાટા કંપનીના છોટા હાથી ટેમ્પા નંગ-૬ ( છ) ફાળવવામાં આવેલ હતા. તે પૈકી ટેમ્પો રજીસ્ટ્રેશન નંબર : GJ-15-G-347, હાલે બંધ હાલતમાં હોઈ તેનું રીપેરીંગ કામ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. ટાટા કંપની તરફથી તેના વાહનોનું રીપેરીંગ કામ / સર્વિસ વિગેરે કરવા માટે કંપનીના ઓથોરાઈઝડ ડીલરો પાસેજ કરાવવામાં આવે છે તે મુજબ વલસાડ કે તેની આજુબાજુના વિસ્તાર માટે શ્રી લક્ષ્મીકૃપા ઓટો સર્વિસ ( LLP ) શંકર તળાવ, ડુંગરી, ને.હા.નં.: ૦૮,તા.જી.વલસાડ કે જેઓ ટાટા કંપનીના ઓથોરાઇઝડ ડીલર છે તેમની પાસે આ ટેમ્પાનું રીપેરીંગ કામ કરાવવાનું તથા આવેલ બીલ રૂ.૬૮,૮૨૨/- પુરાનું આવેલ બીલ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

**સ.મ. મંજુર..**

**કા.સ.ઠ.નં. -૪૮/ તા.:૧૮-૦૭ -૨૦૨૦.**

---

**<u>કામ ન.-૪.</u>**

**<u>વિષય.:</u>**

ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન તરફથી ફાળવવામાં આવેલ છોટા હાથી ટેમ્પાનું રજી. નં.GJ-15-G- 289 રીપેરીંગ કામ કરાવવા અંગેનું આવેલ બીલ રૂ.૧,૧૧,૮૬૩/-મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન તરફથી નગરપાલિકાને ટાટા કંપનીના છોટા હાથી ટેમ્પા નંગ-૬ ( છ) ફાળવવામાં આવેલ હતા. તે પૈકી ટેમ્પો રજીસ્ટ્રેશન નંબર : GJ-15-G-289, હાલે બંધ હાલતમાં હોઈ તેનું રીપેરીંગ કામ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. ટાટા કંપની તરફથી તેના વાહનોનું રીપેરીંગ કામ / સર્વિસ વિગેરે કરવા માટે કંપનીના ઓથોરાઈઝડ ડીલરો પાસેજ કરાવવામાં આવે છે તે મુજબ વલસાડ કે તેની આજુબાજુના વિસ્તાર માટે શ્રી લક્ષ્મીકૃપા ઓટો સર્વિસ ( LLP ) શંકર તળાવ, ડુંગરી, ને.હા.નં.: ૦૮,તા.જી.વલસાડ કે જેઓ ટાટા કંપનીના ઓથોરાઇઝડ ડીલર છે તેમની પાસે આ ટેમ્પાનું રીપેરીંગ કામ કરાવવાનું તથા આવેલ બીલ રૂ. ૧,૧૧,૮૬૩/- પુરાનું આવેલ બીલ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ. મંજુર..

કા.સ.ઠ.નં. -૪૯ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૫.

વિષય.:

તા.:૧૬-૧૦-૨૦૧૯ થીતા.:૧૯-૧૦-૨૦૧૯ સુધી મોઘાભાઈ હોલથી કેરીમાર્કેટ કલ્યાણબાગથી પેટ્રોલ પંપ સુધીનો વિસ્તાર વિગેરેમાં ડોર ટુ ડોર કામગીરી માટે સફાઈ કામદારો રાખેલ. જે અંગેનું ગોરી કોન્ટ્રાક્ટસ,વાપીનું રૂ.૩૩,૦૦૦/-પુરાનું બીલ મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નગરપાલિકા દ્વારા તા.:૧૬-૧૦-૨૦૧૯ થીતા.:૧૯-૧૦-૨૦૧૯ સુધી મોઘાભાઈ હોલથી કેરીમાર્કેટ કલ્યાણબાગથી પેટ્રોલ પંપ સુધીનો વિસ્તાર  પેટ્રોલ પમ્પથી હનુમાન મંદિર થઇ ધરમપુર રોડ ડીએસપી ઓફિસથી તીથલ રોડ ચાર રસ્તા થી તીથલ રોડ જકાતનાકા  સુધીનો વિસ્તારમાં ડોર ટુ ડોર કામગીરી, IAS ઓફીસરશ્રી, હસરત જાસ્મીનશ્રીના, ચીફ ઓફીસર તરીકે વલસાડ નગરપાલિકાનો ચાર્જ સાંભળેલ. તે સમયગાળા દરમિયાન તેઓ દવારા શહેરની વિઝીટ કરતાં તેઓએ કરેલ સૂચન મુજબ તાત્કાલિક અસરથી સદરહું જણાવેલ વિસ્તારમાં ઉપરોક્ત કામગીરી કરાવેલ. જે કરાવેલ કામગીરીને બહાલ રાખી,જેનું આવેલ ગોરી કોન્ટ્રાક્ટસ, વાપીનું  બીલ રૂ. ૩૩,૦૦૦/- અંકે તેત્રીસ હજાર પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. -૫૦/ તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૬

વિષય.: આરોગ્ય શાખાના મહેકમ પત્રકે ખાલી  પડેલ  સફાઈ કામદારોની જગ્યા ઉપર નિમણુક કરવા મંજુરી માંગતી દરખાસ્ત કરવા બાબત..

ઠરાવ.: આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,     નગરપાલિકાના આરોગ્ય શાખાના મહેકમ પત્રકે સફાઈ કામદારો+ મુકાદમોને  લગતું  ૧૫૮ જગ્યાનું મહેકમ મંજુર થયેલ છે. તે પૈકી હાલે ૧૨૮ જગ્યા ભરાયેલ છે  અને હાલે ૩૦ જગ્યા ખાલી છે. જેની વિગત દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| અ.ન. | મંજુર થયેલ જગ્યાની વિગત | સંખ્યા | હાલે ભરાયેલ જગ્યા | હાલે ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | મુકાદમ | ૦૬ | ૦૫ | ૦૧ |
| ૨ | ઝાડુવાળા સફાઈ કામદાર | ૮૧ | ૫૮ | ૨૩ |
| ૩ | વાલ્મીકી સફાઈ કામદાર ( પુરુષ + સ્ત્રી) | ૭૧ | ૬૫ | ૦૬ |
| | કુલ.. | ૧૫૮ | ૧૨૮ | ૩૦ |

નગરપાલિકા હાલે  નાગરીકો  પાસે  સફાઇવેરો, યુઝર ચાર્જીસ  જેવા  વેરા વસુલ કરતી હોઈ તેવા સંજોગોમાં નાગરિકોને સફાઈ, ડોર ટુ ડોર ઘન કચરા નિકાલ તેમજ અન્ય સફાઈ સેવા  આપવી જરૂરી છે. ૩૦ જેટલી ખાલી હોઈ સફાઈ સેવાને પહોચી વળવામાં  મુશ્કેલી પડે છે. નાગરિકોને આપવાપાત્ર થતી  સફાઈ સેવાને બહાલ રાખવા  આ ખાલી પડેલ  જગ્યાઓ ના.સરકારશ્રીના પ્રવતમાન નીતિ નિયમો મુજબ પાંચ વર્ષના ફિક્સ  પગારમાં નિમણુંક કરવા માટેની મંજુરી સક્ષમકક્ષાએથી મેળવવા સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ નિયમો મુજબની કાર્યવાહી કરવા અંગેની જરૂરી ધોરણસરની દરખાસ્ત કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં આરોગ્ય શાખામાં બે ડ્રાઇવરની જરૂરિયાત હોય, આઉટસોસીંગ એજન્સી પાસેથી ડ્રાઇવરો મેળવી કામગીરી કરવી.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૫૧/ તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૭

.વિષય.: વલસાડ નગરપાલિકા          , વલસાડના જુદા જુદા શાખામાં ફરજ બજાવતાં કાયમી કર્મચારીઓની ગ્રેજ્યુટી, પેન્શન , વિગેરે ચુકવવા અંગેનું આવેલ કામ બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા , વલસાડના જુદા જુદા શાખામાં ફરજ બજાવતાં નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજ્યુટી, રૂપાંતરિત પેન્શન , વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. ન. | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તિ તારીખ | ગ્રેજ્યુટી રૂ. | રૂપાંતરિત પેન્શન રૂ. | પેન્શન રૂ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રીદીપકભાઈ છગનભાઈ કુકણા | વારીગુહ | ૦૪-૦૧-૨૦૨૦ ( મરણ) | ૫૮૭૧૮૦/- | -- | ૫૦૫૦/-+ મળતા અન્ય ભથ્થા |
| ૨ | શ્રી કિશોર કાલીદાસ સોલંકી | આરોગ્ય | ૨૬-૦૪-૨૦૨૦ (મરણ) | ૯૦૬૦૬૦/- | -- | ૫૭૨૦/-+ મળતા અન્ય ભથ્થા |
| ૩ | શ્રી કાન્તીભાઈ મંગાભાઈ પટેલ | આરોગ્ય | ૩૧-૦૭-૨૦૨૦ | ૫૪૬૨૪૯/- | ૨૪૬૬૦૭/- | ૬૨૭૦/-/-+ મળતા અન્ય ભથ્થા |
| ૪ | શ્રી નટવર કલ્યાણદાસ પટેલ | ઓકટ્રોઈ | ૩૧-૦૮ -૨૦૨૦ | ૫૨૯૮૦૧/- | ૨૭૮૦૫૧/- | ૬૯૨૦/-+ મળતા અન્ય ભથ્થા |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૫૨/ તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૮

.વિષય.: વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જર્જરીત ઇમારતોને ભય મુક્ત કરવા તેમજ જર્જરીત ઇમારતોને જમીનદોસ્ત કરવા અંગે દૈનિક પત્રમાં જાહેરાત આપી જર્જરીત મકાનો ઉતારવાના

અનુભવી એજન્સીના ભાવો મંગાવવા અંગે જરૂરી નિર્ણય  કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,     વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં  આવેલ જર્જરીત  ઇમારતો ગુજરાત મ્યુનિસિપલ એક્ટ  – ૧૯૬૩ ની કલમ -૧૮૨ (૧)(૨) ની જોગવાઈઓ અનુસાર જૂના / બિસ્માર/ જર્જરિત અથવા અન્ય કોઈ કારણસર ક્ષતિગ્રસ્ત થયેલ મિલકતો બેસી જવા તૂટી પડવાના અકસ્માતો ન બને તે માટે નગરપાલિકા દવારા તા.૧૫-૦૫-૨૦૨૦ ના રોજ દૈનિક પેપર " ગુજરાત  " માં જાહેર નોટીશ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અને નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જર્જરીત ઇમારતોને  ભય મુક્ત કરવા

તેમજ જર્જરીત  ઇમારતોને જમીનદોસ્ત કરવા  નગરપાલિકા દવારા  લેખિત જાણ  કરવામાં આવેલ છે અને હાલે  ચોમાસાની  સીઝન  દરમિયાન  કોઈ અનિચ્છનીય બનાવ નહિ બને અને કોઈ જાનહાની નહિ થાય એવા શુભ આશયથી જર્જરીત મિલકતો ભય મુક્ત કરવા / જમીનદોસ્ત કરવા માટે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક  પેપરોમાં જાહેરાત આપી, જર્જરીત ઇમારતો તોડી પાડવા, ક્વોલીફાઈડ ક્રાઈટ એરિયા નક્કી કરવા, આર.એન્ડ બી.નાં ડિમોલીશનના એસ.ઓ.આર. ના રેઈટ મુજબ મુદ્દાઓ નક્કી કરી એજન્સી ઓથોરાઇઝ હોય તેવી અનુભવી એજન્સીના ભાવો મંગાવવાની  જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૫૩ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

<u>કામ ન.-૯</u>

.<u>વિષય.:</u> નામદાર સરકારશ્રીની અમૃત યોજના સને:૨૦૧૭-૨૦ ના વર્ષ દરમ્યાન અર્બન ટ્રાન્સપોર્ટેશન સેક્ટર માં મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લિક ( ગ્રાઉન્ડ ફ્લોર + એક માળ ) બનાવવાના  કામ બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,  નામદાર સરકારશ્રીની અમૃત યોજના સને:૨૦૧૭-૨૦ ના વર્ષ દરમ્યાન  અબ્રામા  ઓવરબ્રીજ થી ધરમપુર ચોકડી સુધી ફૂટપાથ અને સાયકલ ટ્રેક બનાવવાના કામે ઠેકેદારશ્રી કુલદેવી કૃપા કન્સ્ટ્રકશન, સુરતનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ.અને ઠેકેદારશ્રી દવારા ઉપરોક્ત મંજુર થયેલ જગ્યાએ ફૂટપાથનું સિવિલ વર્કની કામગીરી ઉપલબ્ધ જગ્યામાં  પૂર્ણ કરવામાં આવેલ છે. અને હાલે સદરહું કામેં  ઉપરોક્ત સ્થળે જગ્યા જોતા ઉપલબ્ધ જગ્યા નહિ હોવાથી બાકી રહેલી ફૂટપાથની કામગીરી કરી શકાય એમ નથી. જેથી ઉપરોક્ત મંજુર કરેલ કામે ફૂટપાથ બનાવવાના કામની રકમ અંદાજે રૂ.૧,૩૦,૦૦,૦૦૦/- પુરા બચત થયેલ છે.

વધુમાં, નામદાર સરકારશ્રીની અમૃત યોજના સને:૨૦૧૭-૨૦ ના વર્ષ દરમ્યાન અર્બન ટ્રાન્સપોર્ટેશન સેક્ટર માં મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લિક ( ગ્રાઉન્ડ ફ્લોર + એક માળ ) બનાવવાના  કામે ઠેકેદારશ્રી મે.એસ.એમ.સેલડીયા,સુરતનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે.અને મંજુર કરેલ ટેન્ડર મુજબ ઠેકેદારશ્રી દવારા કામગીરી  શરૂ કરવામાં આવેલ છે. અને હાલે સદરહું કામગીરી  અન્વયે ઠેકેદારશ્રી દવારા સ્થળ ઉપર પ્લીન્થ લેવલ સુધીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદરહું  કામગીરી અન્વયે જણાવવાનું કે, સદેર સ્થળ તળાવની જગ્યા હોવાથી ઠેકેદારશ્રી  તરફથી સોઇલ બેરીગ કેપેસીટી (SBC) ચેક કરાવતા સોઇલ બેરીંગ

કેપેસીટી (SBC) ઓછી આવેલ છે. ( નકલ સામેલ છે. ) જેથી સદરહું બાબતને ધ્યાને લેતાં સ્થળ ઉપર ટેન્ડર  એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબની સ્ટ્રક્ચર ડીઝાઇન, વિગેરે જેવી વધારાની કામગીરી કરવામાં આવેલ છે. જેથી મલ્ટીલેવલ  પાર્કિંગ બનાવવાના કામે સદરહું પ્રોજેક્ટના નિમણુંક પામેલ કન્સલ્ટન્ટ શ્રી ધવલ એન્જીનીયર,ગાંધીનગર દવારા જણાવ્યા મુજબ સદરહુ કામમાં થયેલ વધારાની કામગીરીનો  એસ્ટીમેઈટ રૂ.૬૨,૨૮,૯૧૦/-માં વધારો થવા જાય એમ છે. (એસ્ટીમેઈટ સામેલ છે. )

જેથી ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં નામદાર સરકારશ્રીની અમૃત યોજના સને:૨૦૧૬ -૧૭ ના વર્ષ દરમ્યાન   અબ્રામા  ઓવરબ્રીજ થી ધરમપુર ચોકડી સુધી ફૂટપાથ અને સાયકલ ટ્રેક બનાવવાના કામે બાકી રહેલ ફૂટપાથ નહિ  બનાવવાના કારણે  સદરહું કામની બચત થયેલ ગ્રાન્ટને મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવામાં કામમાં તબદીલ કરવામાં આવે તો  મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લિક ( ગ્રાઉન્ડ ફ્લોર + એક માળ ) વધારાની

કામગીરી સહીત પૂર્ણ થઈ શકે એમ છે. જેથી સદરહું કામગીરીમાં ઉપરોક્ત જણાવ્યા મુજબ ફૂટપાથની મંજુર થયેલ ગ્રાન્ટ અંદાજે રૂ.૧,૩૦,૦૦,૦૦૦/- પૈકી રૂ.૬૨,૨૮,૯૧૦/- પુરાની ગ્રાન્ટ તબદીલ કરવામાં આવે તો સદરહું પ્રોજેક્ટ પૂર્ણ થઇ શકે તેમ હોય,તે માટે મલ્ટીલેવલ પાર્કિંગ

બનાવવાના કામે વધારાના કામનો આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, નામદાર સરકારશ્રીના GUDM, ગાંધીનગર, ખાતેથી જરૂરી મંજુરી મેળવવા માટેની ધોરણસરની દરખાસ્ત કરવા માટે જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૫૪/ તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૧૦

.વિષય.: વલસાડ પારડી ખાતે રેલ્વે અંડરબ્રીજ પાસે ચીખલી અને કૈલાશ રોડને જોડતો રેલ્વે ઓવરબ્રિજ બનાવવા સરકારશ્રીને જરૂરી ભલામણ કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, હાલે વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ઔરંગા નદી પાસે વલસાડ પારડી રેલ્વે અંડરબ્રીજ આવેલ છે. હાલે રેલ્વે ડીપાર્ટમેન્ટ તરફથી ટ્રેક

એક્ષટેન્શનનો પ્રોજેક્ટ ચાલી રહેલ છે. સદર વિસ્તાર ચોમાસાની ઋતુ દરમિયાન સદર અંડરબ્રીજમાં પાણી ભરાતા ઉપયોગમાં લેવાતો નથી જેથી રેલ્વે ટ્રેકના પશ્ચિમ ભાગની વસ્તીને પૂર્વમાં જવા માટે ઘણું લાંબુ અંતર કાપી જવાનું થાય છે. કૈલાશ રોડ સીધો ગુંદલાવ ચોકડી પાસે નેશનલ હાઇવે – ૪૮ ને જોડે છે. તેમજ સદર માર્ગ પર મુક્તિધામ પણ આવે છે. સદર માર્ગ મોટી જન સંખ્યા માટે ખુબજ ઉપયોગી છે

સદર બાબતે હવે " રેલ્વે ફાટક મુક્ત ગુજરાત " અભિયાન અન્વયે રેલ્વે ઓવરબ્રીજ / અંડરબ્રીજની કામગીરી " ગુજરાત શહેરી વિકાસ કંપની (GUDC) " દવારા હાથ ધરવામાં આવેલ છે. જેમાં PMC તરીકે " DELF Consulting Engineers ( India ) Pvt Ltd,Ahemdabad" ને નિમણુંક આપવામાં આવે છે. સદર પ્રોજેક્ટ નગરપાલિકા,આર એન્ડ બી, રેલ્વે ડીપાર્ટમેન્ટ અને રાજ્ય સરકાર મળીને કરવાનું થાય છે. જે બાબતે વલસાડ ખાતે આપશ્રીના અધિકારી ,PMC, R&B, રેલ્વે, વિગેર જોડે જોઈન્ટ વિઝીટ કરેલ છે. અને જરૂરી અંદાજીત ખર્ચ અને રીપોર્ટ PMC તરીકે " DELF Consulting Engineers ( India ) Pvt Ltd,Ahemdabad" તરફથી રજુ થયેલ છે. જે આ સાથે સામેલ છે. રેલ્વે ચેનેજ નં.-CH-331,Proposed ROB Location at RLW KM : 199/612.77m, above bridge no : 331 ( RCC BOX ) પાસે નજીકમાં LC-99 લીલાપોર ફાટક, ATVU 113850.02 છે. જેથી ATVU એક લાખ થી વધુ હોવાથી સદર પ્રોજેક્ટ કોસ્ટ ૫૦% રાજ્ય સરકાર અને ૫૦% રેલ્વે ઉઠાવશે. અને PMC તરફથી અંદાજીત ખર્ચ રૂ.૫૭૬૨ લાખ બતાવવામાં આવેલ છે.

સદર પ્રોજેક્ટ બાબતે જરૂરી જોઈન્ટ સાઈટ વિઝીટ નગરપાલિકા,GUDC,PMC,R&B,RAILWAY Dept દવારા કરવામાં આવેલ છે. અને સદર પ્રોજેક્ટની ફીઝીબીલીટી અને ચકાસણી કરેલ છે.જેમાં ચીખલી રોડને રેલ્વે બ્રીજ નં – ૩૩૧ થી ઓવર બ્રીજ બનાવી પ્રાથમિક શાળા,કૈલાશ રોડ પર જોડવામાં આવશે. સદર બાબતે PMC તરફથી અંદાજીત ખર્ચ રૂ.૫૭૬૨ લાખ બતાવવામાં આવેલ છે.સદર પ્રોજેક્ટ નગરપાલિકા હદ વિસ્તારમાં હોઈ જેથી Consent ( મંજુરી ) આપવાની થાય છે. સદરહું બાબતેની જરૂરી ચર્ચા –વિચારણા કરી ઉપરોક્ત કામે મંજુરત આપવા માટે જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. -૫૫ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

<u>કામ ન.-૧૧</u>

.<u>વિષય.:</u>  નામદાર સરકારશ્રીની અમૃત યોજના વર્ષ : ૨૦૧૫-૧૬ માં વારીગૃહ ખાતે ૧૫ MLD ક્ષમતા ધરાવતું વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના કામ બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીની અમૃત યોજના વર્ષ : ૨૦૧૫-૧૬ માં વારીગૃહ  હેડ વર્કસ ખાતે ૧૫ MLD ની  ક્ષમતા ધરાવતું વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ

બનાવવાના કામે હિન્દુસ્તાન પ્રોજેક્ટ્સ,મુ. પલ, માવડી મેઈન રોડ , રાજકોટનું ટેન્ડર ગાંધીનગર ખાતે થયેલ મીટીંગના અજેન્ડા નં -૬ માં મંજુર કરવામાં આવેલ. સદરહું કામગીરી કરવા માટે અત્રેની કચેરીંથી વહીવટી જાવક નં – ૩૧૪ / તા.૦૧-૦૬ –૨૦૧૮ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ, અને એજન્સી દવારા કામગીરી શરૂ કરવામાં આવેલ. સદરહું કામગીરીના મંજુર થયેલ એજન્સીની તા.૦૮-૧૧-૨૦૧૯ ની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ મંજુર થયેલ સ્થળ પર જોતાં રોડ લેવલ થી ૫ મીટર જેટલી જગ્યા નીચાણવાળી હોય અને સદરહું રોડ ઉપર ભારે વાહનોની અવર–જવર વધુ રહે છે. જેથી સદરહું જગ્યાને જરૂરીયાત મુજબ માટી પુરાણ કરી ડામર રોડ બનાવવાની જરૂરિયાત હોય,અને સદરહું કામગીરી કરવા માટે અંદાજે ૩૦ મીટર જેટલી પાઈપ લાઈનની વધુ જરૂરિયાત જણાય આવેલ છે.તો ઉપરોક્ત બંને બાબતોને ધ્યાને લઇ સદરહું કામગીરી કરવા માટે સદરહું યોજનાના કન્સલ્ટન્ટને સ્થળ તપાસ કરી જરૂરી અભિપ્રાય મેળવવા માટે આ કામે ગ્રાન્ટ મેળવવા GUDM પાસે જરૂરી મંજુરી માંગતી દરખાસ્ત કરવા માટે જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૫૬/ તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૧૨ .

.વિષય.: આરોગ્યશાખાના ટ્રેક્ટર નં. GJ-૧૫-G-1228માં ટ્રેક્ટર ટ્રેલરમાં વાયરીંગ કામ તથા બેટરી બેસાડવા માટેના સ્ટેન્ડ બનાવવામાં આવેલ. જેનું શિવમ ઓટો ઈલેક્ટ્રીક વર્કસનું આવેલ બીલ રૂ.૧૦,૨૪૦/-મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, આરોગ્યશાખાના ટ્રેક્ટર નં. GJ-૧૫-G-1228માં ડ્રાઈવર તથા મિકેનિકના રીપોર્ટના આધારે ટ્રેક્ટર ટ્રેલરમાં વાયરીંગ કામ તથા બેટરી બેસાડવા માટેના સ્ટેન્ડ બનાવવામાં આવેલ. જે કામ સે.ક.ઠ.નં. ૧૦૦/તા.: ૩૧/૦૩/૨૦૨૦ થી મંજુર થયેલ ભાવે કરાવેલ. જેનું શિવમ ઓટો ઈલેક્ટ્રીક વર્કસનું આવેલ બીલ નં.૭૭૬/તા.:૫/૫/૨૦૨૦ થી આવેલ રૂ.૧૦,૨૪૦/- અંકે રૂ. દશ હજાર , બસો ચાલીસ પુરાનું ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૫૭/ તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

<u>કામ ન.-૧૩.</u>

.<u>વિષય.:</u>

સ્વચ્છ ભારત મિશન, સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯ અન્વયે, નગરપાલિકા વિસ્તારમાં પ્લાસ્ટિક પ્રતિબંધ અંગેના ( ૧૨ X ૧૮ ) ની સાઈઝમાં સ્ટીકરો તેમજ હોડીંગ્સ (૨૦ X૧૦) ની સાઈઝમાં

સપ્લાય  કરવા અંગેના આવેલ  હેપ્પી ઝેરોક્ષ, વલસાડના જુદા જુદા બીલો કુલ રકમના રૂ.૧,૩૧,૦૦૦/-મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, સ્વચ્છ ભારત મિશન, સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯ અન્વયે, નગરપાલિકા વિસ્તારમાં પ્લાસ્ટિક  બેગ  અને ઝભલાં થેલી વાપરવા ઉપર પ્રતિબંધ મૂકવા અંગે, પ્લાસ્ટિક પ્રતિબંધ  અંગેના (૧૨ X ૧૮)ની સાઈઝમાં સ્ટીકરો તેમજ હોડીંગ્સ (૨૦ X૧૦) ની સાઈઝમાં સપ્લાય  કરવા અંગેના આવેલ હેપ્પી ઝેરોક્ષ, વલસાડના નીચે જણાવેલ જુદા જુદા રકમના બીલો ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું  મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું  ઠરાવવામાં આવે છે.

| અ.નં. | બીલ નં. | તારીખ. | બીલની રકમ રૂ. |
|---|---|---|---|
| 1 | ૨૮૮ | ૧૨-૧૨-૨૦૧૮ | ૩૪,૦૦૦/- |
| ૨ | ૨૯૬ | ૧૨-૧૨-૨૦૧૮ | ૪૬,૦૦૦/- |
| 3 | ૬૪૦ | ૧૯-૦૨-૨૦૨૦ | ૩૦,૦૦૦/- |
| ૪ | ૬૪૧ | ૧૯-૦૨-૨૦૨૦ | ૨૧,૦૦૦/- |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૫૮ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૧૪ .

.વિષય.:  વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય,વલસાડ માટે સને :૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટે મળેલ રૂ.૪,૩૩,૮૪૫/- ની મળેલ અને જમા ગ્રાન્ટમાંથી રૂ.૧ લાખના નવા લેટેસ્ટ પુસ્તકોની ખરીદી કરવા અંગે નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય,વલસાડ માટે સને :૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટે ગ્રંથાલય નિયામકશ્રી, ગુજરાત સરકાર, ગાંધીનગર તરફથી મળેલ રૂ.૪,૩૩,૮૪૫/- અનુદાનની રકમમાંથી રૂ.૧,૦૦,૦૦૦/- ના નવા યાદી મુજબના લેટેસ્ટ પુસ્તકોની ખરીદી કરવા માટેની જરૂરિયાત છે. ના.સરકારશ્રીના આગામી વાંચન મિશન વાંચન -૨૦૨૨ અંતર્ગત લાયબ્રેરી માટે નવા પુસ્તકો વસાવવાની ખુબ જરૂરીયાત છે. અને પુસ્તકાલય માટે સભ્યપદ ધરાવતા વાચકો તરફથી નવા પુસ્તકો મંગાવવા માટે સજેશનો પણ કરવામાં આવેલ છે,જે માટે તાજેતરમાં પ્રકાશિત થયેલા નવા પુસ્તકોની યાદીમાં જણાવ્યા મુજબના પુસ્તકો ગુજરાત સરકાર દવારા " ટેન્ડર પ્રથા થી મુક્તિ મેળવનારી સંસ્થા "ગુજરાત પુસ્તકાલય, સહાયક સહકારી સ.મંડળ,વડોદરા પાસેથી, જમા ગ્રાન્ટમાંથી રૂ.૧ (એક) લાખના પુસ્તકો, ગ્રંથપાલની યાદીમાં જણાવ્યા મુજબના નવા લેટેસ્ટ પુસ્તકો, ની ખરીદી "ગુજરાત પુસ્તકાલય, સહાયક સહકારી સ. મંડળ, વડોદરા પાસેથી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૫૯ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૧૫ .

.વિષય.: વલસાડ નગરપાલિકામાં એડહોક મદદનીશ મ્યુનીસીપલ ઈજનેર વર્ગ-૩ ( ડીપ્લોમા સિવિલ )ની જગ્યા ફક્ત ૧૧ માસના કરાર આધારિત જગ્યા ઉપર પુનઃ સ્થાપિત કરવા અંગેની મયુર જી. આસવાનીની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં એડહોક મદદનીશ મ્યુનીસીપલ ઈજનેર વર્ગ-૩ ( ડીપ્લોમા સિવિલ )ની જગ્યા ફક્ત ૧૧ માસના કરાર આધારિત તરીકે ફરજ ઉપર પુનઃ સ્થાપિત કરવા અંગેની મયુર જી. આસવાનીની આવેલ અરજી વંચાણે લેતાં, સદર કામે ચર્ચા થતાં, નગરપાલિકામાં હાલે વારીગૃહ શાખા, ડ્રેનેજશાખા, ફાયર એન્ડ લાઈટ શાખાની કામગીરી હાલે એકજ ઈજનેર પાસે કરાવવી પડે છે.ત્યારે ઘણીજ સમસ્યા ઉદભવે છે અને વારીગૃહ, ડ્રેનેજશાખાની કામગીરી આવશ્યક સેવામાં આવતી હોય છે.હાલે પ્રિમોન્સુન સીઝન ચાલતી હોય, શહેરમાં પાણી લીકેજ,તેમજ ડ્રેનેજની સમસ્યા પણ ઘણી ઉદભવતી હોય છે.જે હકીકતોને દયાનમાં લઇ, નગરપાલિકામાં, એડહોક મદદનીશ મ્યુની. ઈજનેર વર્ગ-૩ (ડીપ્લોમા સિવિલ)ની જગ્યા ભરવી આવશ્યક હોય, ફક્ત-૧૧ માસના કરાર આધારિત ઈજનેરની નિમણુંક કરવા બાબતે જરૂરી આગળની કાર્યવાહી કરવા, જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૦ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૧૬.

.વિષય.: વિવિધ એજન્સી / કોન્ટ્રકટરોની આવેલ અરજીઓની ચર્ચા કરવા બાબત.

ઠરાવ.:

કારોબારી સમિતિમાં આવેલ કામ નં.-૧૬, અંગે ચર્ચા થતાં, વલસાડ નગરપાલિકાની એકાઉન્ટન્ટ, મનીષા શાહુ  કે જેઓ -૨, વર્ષનાં સમય માટે અજમાયશી  એકાઉન્ટન્ટ વર્ગ-૨ માં ભરતી થઇ આવેલ જેમની અનેક ફરિયાદો ઉઠવા પામેલ છે. જે તે એજન્સીઓ દવારા થયેલ ફરિયાદોમાં વિકાસનાં કામો કરી રહેલ એજન્સીઓને બિનજરૂરી હેરેસમેન્ટ કરવામાં આવે છે. તેમજ પોતાના વિભાગમાં જ  દયાન આપવા સિવાયની નગરપાલિકાના વહીવટમાં અને બીજી બધી જ બાબતોમાં (અન્ય) દખલગીરી  કરી રહેલ છે. જેનાં કારણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા એવી નગરપાલિકાની શાખ પર અસર થવા પામેલ છે. જેની આજની કમિટીમાં નોંધ લઇ સરકારશ્રીને જાણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૧ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૧૭ .

.વિષય.:  મનોરંજન કર ગ્રાન્ટની ફાળવેલ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.ગુજરાત સરકારશ્રીના (૧) ગુ.મ્યુ.ફાઈ.બોર્ડ.,ગાંધીનગરના  દ. હુકમ ક્રમાંક.: મફબ / મનો. કર /ગ્રાન્ટ /૨૦૧૯-૨૦ /વશી /૩૪૪૧ તા.:૨૦-૨-૨૦૨૦(૨) મફબ / મનો. કર /SCSPગ્રાન્ટ/૨૦૧૯-૨૦/વશી /૩૦૨૯ તા.:૧૬-૨-૨૦૨૦થી વલસાડ નગરપાલિકા વલસાડને મનોરંજન કર ગ્રાન્ટ  હેઠળ રૂ. ૧૭૭૯૮૦૭/- પુરાની ફાળવવામાં આવેલ છે.  જે મનોરંજન કરની ગ્રાન્ટની શરતો મુજબ  અગ્રતા ક્રમના ધોરણે વલસાડ શહેરના હદ વિસ્તારમાં ઇજનેરશ્રી, બાંધકામ શાખાના રીપોર્ટમાં જણાવે તે    મુજબ વિકાસલક્ષી કામોમાંથી અગ્રતા ક્રમના કામો નક્કી કરી કામગીરી કરાવવા અંગેની જરૂરી સત્તા, ચીફ ઓફિસરશ્રી ,ચેરમેનશ્રી, કારોબારી કમિટી, તથા પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૨ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

<u>કામ ન.-૧૮ .</u>

.<u>વિષય.:</u> ના.સરકારની અમૃત યોજના હેઠળ તા.:૩૧-૧૨-૨૦૧૯ ના રોજ અબ્રામા વિસ્તારમાં ભવાની મંદિર પાસે પાઈપ લાઈન  બનાવવાના કામે ખાતમુર્હુત કાર્યક્રમમાં ખુરશી, ટેબલ, સાઉન્ડ

સીસ્ટમ ,વિગેરે જરૂરી વ્યવસ્થા રામગિર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ જેનું આવેલ બીલ રૂ.૯૮૩૮/- મંજુર કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારની અમૃત યોજના હેઠળ તા.:૩૧-૧૨-૨૦૧૯ ના રોજ અબ્રામા વિસ્તારમાં ભવાની મંદિર પાસે પાઈપ લાઈન બનાવવાના કામે ખાતમુર્હત કાર્યકમમાં ખુરશી, ટેબલ, સાઉન્ડ સીસ્ટમ ,વિગેરે જરૂરી વ્યવસ્થા રામગિર ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ જે કરાવેલ કામગીરીને બહાલ રાખી, જે અંગેનું આવેલ બીલ રૂ.૯૮૩૮/- મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૩ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

<u>કામ ન.-૧૯ .</u>

.<u>વિષય.:</u> વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ડોર ટુ ડોર ધનકચરા નિકાલની કામગીરી ગૌરી કોન્ટ્રકટર,વાપી પાસે કરાવેલ જેનું આવેલ બીલ રૂ.૬૬૦૦૦/- મંજુર કરવા બાબત.

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ડોર ટુ ડોર ઘનકચરા નિકાલની કામગીરી, IAS ઓફીસરશ્રી,જાસ્મીન હસરતશ્રીના, ચીફ ઓફીસર તરીકે વલસાડ નગરપાલિકાનો ચાર્જ સાંભળેલ. તે સમયગાળા દરમિયાન તેઓ દવારા શહેરની વિઝીટ કરતાં તેઓએ કરેલ સૂચન મુજબ તાત્કાલિક અસરથી સદરહું જણાવેલ વિસ્તારમાં ઉપરોક્ત કામગીરી કરાવેલ. જે કરાવેલ કામગીરીને બહાલ રાખી,જેનું આવેલ ગોરી કોન્ટ્રાક્ટસ, વાપીનું બીલ રૂ. ૬૬,000/-અંકે છ્યાંસઠ હજાર પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૪ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૨૦ .

.વિષય.: વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં શાહ પબ્લીસીટી,સુરતની એજન્સીને ૨૦ X ૧૦ નું જાહેરાતનું બોર્ડ મુકવા માટે નવી જગ્યા ફાળવવા બાબત.

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં શાહ પબ્લીસીટી,સુરતની એજન્સીને ૨૦ X ૧૦ નું જાહેરાતનું બોર્ડ મુકવા માટે નવી જગ્યા ફાળવવા અંગે, આર.એન.બી.ની એન.ઓ.સી.ની મંજુરી લઈન, ઇજનેરશ્રીને મળીને યોગ્ય જગ્યા બતાવીને, જાહેરાતનું બોર્ડ મુકવા, જગ્યા ફાળવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી ઇજનેરશ્રી,મારફતે કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૫ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

<u>કામ ન.-૨૧ .</u>

.<u>વિષય.:</u> નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ વોટર સપ્લાય સેક્ટર હેઠળ વર્ષ : ૨૦૧૭-૨૦ હેઠળ ૪૫૦ એમ.એમ.ની રાઈઝીગ મેઈન અબ્રામા વોટર વર્ક થી કલ્યાણ બાગ સંપ સુધી વોટર

સપ્લાય પાઈપ લાઈન નાખવા ને.હા.ઓથોરીટી ઓફ ઇન્ડિયા મંજુરી લેવા અંગે ડીમાન્ડડ્રાફ્ટ અને પ્રફોમંસ બેંક ગેરેન્ટી બનાવવા અંગે નિર્ણય થવા બાબત.

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીની અમૃત યોજના હેઠળ વોટર સપ્લાય સેક્ટર હેઠળ વર્ષ : ૨૦૧૭-૨૦ હેઠળ ૪૫૦ એમ.એમ.ની રાઈઝીગ મેઈન અબ્રામા વોટર વર્ક થી કલ્યાણ બાગ સંપ સુધી વોટર સપ્લાય પાઈપ લાઈન નાખવા ને.હા.ઓથોરીટી ઓફ ઇન્ડિયાની મંજુરી લેવાની થાય છે.જે અતર્ગત મંજુરી માટે નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડીયાના પત્ર ક્રમાંક: NHAI /PIU- SURAT( EXPRESSWAY) /SDM- 07/RG-130 /2020 માં જણાવ્યા મુજબ રૂ.૧,૨૦.૨૭૧/-નો પબ્લિક યુટીલીટી લાઇસન્સ / રેન્ટલ ચાર્જ (પાંચ વર્ષ) ના ડીપોઝીટ કરવાના થાય છે. તથા રૂ.૨,૮૯,૨૫૦/- ની પરફોમન્સ બેંક ગેરેન્ટી આપવાની થાય છે. જે કામે સદરહું મંજુરી માટે ડીમાન્ડડ્રાફ્ટ અને પરફોમન્સ બેંક ગેરેન્ટી બનાવવા અંગેનું કામ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૬ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

કામ ન.-૨૨ .

.<u>વિષય.:</u> નામદાર સરકારશ્રીની મનોરંજનકર ગ્રાન્ટ વર્ષ : ૨૦૧૫-૧૬ રીવાઇઝડ તથા વર્ષ : ૨૦૧૬-૧૭ થી ફાળવવામાં આવેલ રકમ પૈકી બાકી રહેતી રકમ રૂ.૯૯૪૪૯૦/- બચત રકમ હેઠળ કામો નક્કી કરવા બાબત.

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર સરકારશ્રીની મનોરંજનકર ગ્રાન્ટ વર્ષ : ૨૦૧૫-૧૬ રીવાઇઝડ તથા વર્ષ : ૨૦૧૬-૧૭ થી ફાળવવામાં આવેલ રકમ રૂ. ૨૩,૮૪,૧૧૪/- પૈકી મીની વોટર ટેન્કર ખરીદી કરેલ છે. તે પૈકી બાકી રહેતી રકમ રૂ.૯,૯૪,૪૯૦/- બચત રકમ હેઠળ આરોગ્ય શાખા માટે ૩૫ એચ.પી. ના સારી કંપનીના ટ્રેકટર નંગ-૨, ખરીદ કરવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>અધ્યક્ષ સ્થાનેથી રજુ થતા બીજા અન્ય વધારાના કામો...</u>

કા.સ.ઠ.નં. -૬૭ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૧ .

.વિષય.: વલસાડ નગરપાલિકાનો સને-૨૦૧૯-૨૦૨૦ નો તા.:૦૧/૦૪/૨૦૧૯ થી તા.:૩૧/૦/૨૦૨૦ સુધીનો બાર-માસિક હિસાબ મંજુર કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને-૨૦૧૯-૨૦૨૦ નો તા.:૦૧/૦૪/૨૦૧૯ થી તા.:૩૧/૦/૨૦૨૦ સુધીનો બાર-માસિક હિસાબ, મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૮ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

વ.કા.ન.-૨ .

.<u>વિષય.:</u> નોવેલ કોરોના વાયરસ ( કોવીડ -૧૯ ) ને નિયંત્રણમાં લાવવા માટે ખરીદ કરેલ સેનેટાઈઝરનું બીલ રૂ.૩૫૮૪/- મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નોવેલ કોરોના વાયરસ ( કોવીડ -૧૯ ) ને નિયંત્રણમાં લાવવા માટે રાજ્યના શહેરી વિસ્તારમાં સ્વચ્છતા અને સેનીટેશનની કામગીરી જળવાય તે માટે સ્વચ્છ ભારત મિશન ગાંધીનગરના પત્ર ક્રમાંક નં.-સભમ/હસબ /૪૦૨૦૨૦ /કોવીડ -૧૯ /૩૫૨/૨૦૨૦ તા.:૩૧-૦૩-૨૦૨૦ થી રાજ્યની અ વર્ગની નગરપાલિકા માટે રૂ.૨૫.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ હતી.વલસાડ નગરપાલિકા દવારા નગરપાલિકા સ્ટાફ માટે માસ્ક અને સેનેટાઈઝર નીચે મુજબ કરવામાં આવેલ હતા. તેનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | પાર્ટીનું નામ | વિગત | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | પરિધ એજન્સી | સેનેટાઈઝર | ૧૭૯૨.૦૦ |
| ૨ | પરિધ એજન્સી | સેનેટાઈઝર | ૧૭૯૨.૦૦ |
| | કુલ રકમ.. | | ૩૫૮૪.૦૦ |
| | | | |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૬૯ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

<u>વ.કા.ન.-૩.</u>

.<u>વિષય.:</u> રિલા.જીઓ ઇન્ફોકોમ લિમી.કંપની સુરતની કાર્યરત 4G મોબાઈલ ટાવરના એન.ઓ.સી.માટે ટ્રેડ આર્કેડ કોમર્શીયલ કો.ઓ.હા.સોસા લિમી.( શ્રી અમીત ભાલોડીયા ) ને સી.સ.નં.૧૬૧ પૈકી પ્લોટ નં.-૨,અબ્રામા, ધરમપુર રોડ વલસાડને ઇન્સ્ટોલેશન માટે પરવાનગી (એન.ઓ.સી.) આપવા અંગે જરૂરી  નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળોએ રિલા.જીઓ ઇન્ફોકોમ લિમી.કંપની સુરતની કાર્યરત 4G મોબાઈલ ટાવરના એન.ઓ.સી.માટે ટ્રેડ આર્કેડ કોમર્શીયલ કો.ઓ.હા.સોસા લિમી.( શ્રી અમીત ભાલોડીયા ) ને સી.સ.નં.૧૬૧ પૈકી પ્લોટ નં.-૨,અબ્રામા, ધરમપુર રોડ વલસાડની અરજી આવેલ છે. સદરહું આવેલ અરજી જોડે રિલા.જીઓ ઇન્ફોકોમ લિમી.કંપની દવારા જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. ના.સરકારશ્રી શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગના ઠરાવ નં.ન.પા./૪૫૧૨-૩૪૩૮ સચિવાલય ,ગાંધીનગર,તા.:૦૩-૧૦-૧૨ થી ઠરાવ્યા મુજબ ઉપરોક્ત કંપની દવારા રજુ કરેલ દસ્તાવેજોમાં સ્ટ્રકચરલ રીપોર્ટ સોસાયટીનો ઠરાવ,તેમજ સદરહું એપાર્ટમેન્ટમાં થયેલ દસ્તાવેજની નકલ, પ્રોપર્ટી કાર્ડની નકલ આ સાથે સામેલ રાખેલ છે. ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓ જોતાં સદરહું જણાવેલ સ્થળે ના.સરકારશ્રીના ધારાધોરણો મુજબ જરૂરી નીયમોનુંસરની ફી વસુલાત કરી 4G  મોબાઈલ ટાવરના ઇન્સ્ટોલેશન માટે પરવાનગી (એન.ઓ.સી.) આપવા અંગેની જરૂરી નીયમોનુંસારની કાર્યવાહી સરકારશ્રીના પરીપત્ર મુજબ કરવાનું ઠરાવવામાં આવે છે.વધુમાં, સદરહુ આપવામાં આવતી એન.ઓ.સી. બાબતે ભવિષ્યમાં જો કોઈ વાદ –વિવાદ ઉપસ્થિત થશે તો નગરપાલિકાનો નિર્ણય આખરી ગણાશે.

| અ.નં. | જમીનની વિગત | વિસ્તાર / બિલ્ડીંગનું નામ |
|---|---|---|
| ૧. | સી.સ.નં.૧૬૧ પૈકી પ્લોટ નં.-૨, | ટ્રેડ આર્કેડ કોમર્શીયલ કો.ઓ.હા.સોસા લિમી.( શ્રી અમીત ભાલોડીયા )  અબ્રામા, ધરમપુર રોડ વલસાડ |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૭૦ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

<u>વ.કા.ન.-૪ .</u>

.<u>વિષય.:</u> તીથલ રોડ પરના વરસાદી  પાણીના નિકાલ માટે વરસાદી નાળા નાખવા માટે જરૂરી કામગીરી માટે, અમૃત યોજના (૨૦૧૭-૨૦ )ની ગ્રાન્ટ પૈકી બચત થયેલ રકમમાંથી ના.સરકારશ્રીના GUDM, ગાંધીનગરને ખાતે  આગળની કાર્યવાહી કરવા માટે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તીથલ રોડની દક્ષિણ દિશાએ  એટલે કે, ગુ.હા.બોર્ડ વાળી જમીનને અડીને આવેલ મોજે ભાગડાવડા ખાતે રે.સ.નં -૭૫૮ વાળી તથા મોજે નનકવાડા ખાતે રે.સ.નં -345 તથા ૩૪૬ વાળી ખેતીની જમીન આવેલ છે.

ઉપરોક્ત બાબતે ગુજરાત હાઉસીંગ બોર્ડ દવારા  અગાઉ      – ખાંજણવાળી  જમીનમાંથી તીથલ રોડ પરના વરસાદી પાણીનો નિકાલ વાંકી નદીમાં થતો હતો L & T દવારા ગુજરાત હાઉસીંગ બોર્ડના અનેક એવા ૧૪ માળના હાઈરાઈઝ  ટાવર બનાવેલ છે. જેથી સદરહું વિસ્તારમાં અગાઉ સ્પ્રેડ થતું વરસાદી પાણી હાલે સદર સ્થળે ભરાવો થાય છે. જેથી તેના કાયમી ઉકેલ માટે 1800 એમ.એમ.ડાયા ના આર.સી.સી. પાઈપલાઈન નાંખવા અંત્યત જરૂરી છે.

ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭-૨૦) (SAAP) ના વર્ષ હેઠળ રૂ.૫.00 કરોડની ફાળવણી કરવામાં આવેલ. સદરહું ગ્રાન્ટ અન્વયે વલસાડ નગરપાલિકા હદમાં (૧) ધરમપુર રોડ ,(આર.સી.સી. પાઈપ સીંગલ  સાઈડ) (૨) ગીરીરાજ હોટલ થી GIDCક્રોસ  રોડ ,( આર.સી.સી. પાઈપ બંને  સાઈડ)તેમજ (૩)મોગરાવાડી કોટેશ્વર મંદિર પાછળ (,આર.સી.સી. પાઈપ સીંગલ સાઈડ)વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતાં  મુદત દરમિયાન કુલ-૧૮ ટેન્ડરો આવેલ છે. સદરહું આવેલ ટેન્ડર ડોક્યુમેન્ટ તા.૧૦-૧૦-૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવતા આવેલ કુલ-૧૮ ટેન્ડરો, ૪-ટેન્ડરો ડીસ્કોલીફાઈડ  થયેલ છે. અને કુલ-૧૪ ઓનલાઈન ટેન્ડર   તા.:૦૧-૧૧-૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી પરેશ એસ.પટેલ,મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ  કોસ્ટ રૂ. ૪,૫૭,૦૧,૧૪૪.૧૨/- કરતાં  ૩૨.૩૩% નીચા ભાવ આવેલ છે. જેથી નીચા આવેલ ભાવ મુજબ રૂ.૩,૦૯,૨૫,૯૬૪.૨૩/- પુરાનું ટેન્ડર આવેલ છે. અને સદરહું મંજુર કરેલ ભાવોથી એજન્સી દવારા કામગીરી કરવામાં આવેલ છે.

વધુમાં, સદરહું જમીનમાં તીથલ રોડ પરના વરસાદી પાણીનો ભરાવો વધુ થવાથી સદરહું વિસ્તારના રહીશોને ખુબજ મુશ્કેલીઓ પડે છે. અને સદરહું બાબતે સ્થળ  તપાસ કરતાં  સદરહું

વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા  નાખવામાં આવે તો  સદરહું મુશ્કેલીનો નિકાલ થઇ શકે એમ છે. જેથી સદરહું હકીકતે ધ્યાને લેતાં ઉપરોક્ત યોજના અન્વયે મળેલ કુલ ગ્રાન્ટ અન્વયે ઉપરોક્ત કુલ-૦૩ કામો કરવામાં આવેલ છે. જે કરેલ કામોની ગ્રાન્ટ પૈકી રકમ બચત થવા જાય છે. તો સદરહું  થયેલ રકમમાંથી સદરહું વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે વરસાદી નાળા  નાખવા માટે જરૂરી કન્સલ્ટન્ટ દવારા સ્થળ તપાસ કરી જરૂરી એસ્ટીમેન્ટ તૈયાર કરવામાં આવેલ છે. તેમજ સદરહું કામગીરીની ના.સરકારશ્રીના GUDM, ગાંધીનગર ખાતે મંજુરી મેળવીને, જરૂરી કામગીરી કરવા માટેની નીયમોનુંસારની આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું  ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૭૧ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૫ .

.વિષય.: વલસાડ નગરપાલિકામાં શોપીંગ મોલના મુળ માળખામાં ફેરબદલી અંગેના કામે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા કચેરીના પાછળના ભાગે ગ્રાઉન્ડ ફ્લોર + ત્રણ માળનું શોપીંગ મોલ બનાવવામાં આવેલ. સદરહું શોપીંગ મોલમાં ગ્રાઉન્ડ ફ્લોર વિંગ એ-૧ તેમજ પ્રથમ માળ પર વિંગ બી -૧ અરજદારશ્રીનું મંજુર કરવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્ર્રીની અરજીમાં જણાવ્યા મુજબ સદરહું શોપીંગ મોલમાં ગ્રાઉન્ડ ફ્લોર વિંગ એ-૧ તેમજ પ્રથમ માળ પર વિંગ બી -૧,રદ કરવા જણાવેલ છે. સદરહું અરજદાશ્ર્રીની અરજી અન્વયે જ.બો.ઠ.નં.૭૮૧ /તા.:૨૮-૦૧-૨૦૨૦ થી કારોબારી કમિટીમાં કોઈ નિર્ણય કે અભિપ્રાય થઇ આવેલ નથી તે અંગે યોગ્ય નિર્ણય થવા જણાવેલ. જેથી સદરહું બાબતે કમિટીમાં ચર્ચા થતાં, સદરહું શોપીંગ મોલના નાણાં, પ્રવીણભાઈ જોઈસરે હરાજીની શરતો પ્રમાણે નાણાં ભર્યા નથી. તેઓને ૩૦ દિવસની મુદતમાં નાણાં ભરી જવા અંગેની નોટીશ આપવી. તેમજ ભરતભાઈ ઓડેદરાની ભરેલ ડીપોઝીટ ફોરફીટ કરવી. અને સદરહું શોપીંગ મોલને નવું સ્ટ્રકચર આપી, એટલે કે દરેક ફ્લોર પર નાના-નાના યુનિટો (નાની દુકાનો) બનાવવા અંગે, મે.કલેક્ટર સાહેબ,/ મે.એસ.ડી.એમ.શ્રીને વિશ્વાસમાં લઈને જરૂરી નવેસરથી સરકારી ધારાધોરણ મુજબ નીયામોનુંસારની કાર્યવાહી કરી, મેન્યુઅલી ઓકશન(હરાજી) કરવા અંગેની આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૭૨ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૬.

.વિષય.: વ્યવસાય વેરા ગ્રાન્ટની ફાળવેલ ગ્રાન્ટમાંથી કામો નક્કી કરવા બાબત..

ઠરાવ.:

આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.ગુજરાત સરકારશ્રીના ગુ.મ્યુ.ફાઈ.બોર્ડ.,ગાંધીનગરના દ. હુકમ ક્રમાંક.: મફબ / વ્યવસાયવેરા ગ્રાન્ટની હુકમ ક્રમાંક.: મફબ / વ્ય.જવેરા (૫૦%) ન.પા./૨૦૧૯-૨૦ /૨૦૨૦/૧૬૩૩ તા.:૨૩-૦૧-૨૦૨૦ થી વલસાડ નગરપાલિકા –વલસાડને વ્યવસાયવેરા ગ્રાન્ટ હેઠળ રૂ.૧,૪૯,૭૨,૭૨૬/-પુરાની ફાળવવામાં આવેલ છે. જે વ્યવસાયવેરા ગ્રાન્ટની શરતો મુજબ અગ્રતા ક્રમના ધોરણે વલસાડ શહેરના હદ વિસ્તારમાં નીચે જણાવેલ વિકાસલક્ષી કામો તેમજ ઇજનેરશ્રી,બાંધકામ શાખાના રીપોર્ટમાં જણાવે તે મુજબના વિકાસલક્ષી કામોના એસ્ટીમેટ બનાવી, કામો નક્કી કરી, કામગીરી કરાવવા અંગેની જરૂરી સત્તા, ચીફ ઓફિસરશ્રી, ચેરમેનશ્રી-કારોબારી કમિટી, તથા પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં | વોર્ડ નં | કામની વિગત | કામનો પ્રકાર | એસ્ટી.રકમ. |
|---|---|---|---|---|
| ૧ | ૧૦ | અબ્રામા વસંતજી પાર્ક વિસ્તારમાં બાકી રહેલ વરસાદી ગટરનું કામ. | વરસાદી ગટર | ૧૯૧૨૨૦૦. |
| ૨ | ૭ | શ્રોફ ચાલ ગોવિંદ બલસારાની દુકાન નજીકથી જોધપુર સ્વીટ સુધી | વરસાદી ગટર | ૭૫૪૭૦૦.૦૦ |
| ૩ | ૧૦ | અબ્રામા, માનસી કુંજ બીપીનભાઈ અને દિનેશભાઈવાળી ગલી તેમજ શશીભાઇ થી મંગલ દુકાનવાળા સુધીનો વિસ્તાર | ડામર રોડ | ૯૨૨૫૦૦.૦૦ |
| | | | કુલ રકમ રૂ. | ૩૫૮૯૪૦૦.૦૦ |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૭૩ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

**વ.કા.ન.-૭.**

**.વિષય.: ના.સરકારશ્રી તરફથી ફાળવેલ ટીવીન એન્જીન બોટર્સમાં એન્જીનમાં જરૂરી સર્વીસીંગ તેમજ રીપેરીંગ કામનું આવેલ બીલ રૂ.૨,૮૯,૪૯૫/-મંજુર કરવા બાબત..**

**ઠરાવ.:**

**આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કા.સ.ઠ.નં.૨૫ / તા.: ૧૬-૫-૨૦ થી મંજુર થયા મુજબ ના.સરકારશ્રી તરફથી ફાળવેલ ટીવીન એન્જીન બોટર્સમાં એન્જીનમાં જરૂરી સર્વીસીંગ તેમજ રીપેરીંગ કામની જરૂરિયાત સંદર્ભે, ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગની મળેલ સુચના અનુસાર હાલે ચોમાસાની સીઝન હોય,શહેરના નીચાણવાળા વિસ્તારોમાં આવતી રેલ રાહતમાં મદદરૂપ થવા કામની અગત્યતાને લઇ, આવશ્યક સેવાને ધ્યાનમાં રાખી, સદરહું કામગીરી મે. નરસિહદાસ મોરારજી વાડિયા – બીલીમોરા પાસે કરાવેલ, જે કરાવેલ કામગીરીને બહાલ રાખી, કરેલ કામગીરીનું આવેલ બીલ રૂ.૨,૮૯,૪૯૫/-મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં. -૭૪ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.**

વ.કા.ન.-૮.

.વિષય.: હો.ક.ઠ.નં. ૩ /તા.: ૨૮-૫-૨૦૨૦ ની ભલામણ મુજબ, વ.ન.પા. સંચાલિત મ્યુ. હોસ્પિટલને ડેડીકેટેડ કોવિડ -૧૯ હેલ્થ સેન્ટર જાહેર કરતા હોસ્પીટલમાં, મંજુર થયેલ ભાવોથી ચાદર, ટકીયા , અને ચારસા ખરીદ કરવા બાબત..

ઠરાવ.:

હો.ક.ઠ.નં. ૩ /તા.: ૨૮-૫-૨૦૨૦ ની ભલામણ મુજબ, હાલ કોવિડ-૧૯ ના કોરોના વાઇરસની મહામારીમાં મ્યુ. હોસ્પિટલને ડેડીકેટેડ કોવિડ -૧૯ હેલ્થ સેન્ટર વલસાડ જીલ્લા માટે અધિકૃત કરવામાં આવેલ છે. જેથી ચાર જનરલ વોર્ડ, સેમી સ્પેશીયલ રૂમ તેમજ ઇમરજન્સી વોર્ડ તથા આઈ.સી.સી. યુ. વોર્ડ જે બધુ મળી કુલ-૭૫ જેટલા બેડો થવા જાય છે. જેથી દાખલ થતાં દર્દીઓ માટે ચાદર, ટકીયા, કવર,ચારસા ઓછા પડે છે. જે ઉપરોક્ત દર્શાવેલ વસ્તુઓ ખરીદ કરવા સ્થાનિક હોલસેલ પાસેથી ભાવો મંગાવી તેમાં આવેલ ભાવોમાં એલ-૧ પાસે ચાદર નં.૧૫૦, ટકીયા નં.૧૫૦, કવર નં.૧૫૦, ચારસા નંગ -૫૦, કારોબારી સમિતિની મંજુરતની અપેક્ષાએ ખરીદ કરવાનું અને બિલનું ચુકવણું કરવાનું ઠરાવેલ જેને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૭૫ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૯ .

.વિષય.: હો.ક.ઠ.નં.૧૫ /તા.:૧૫-૦૬-૨૦૨૦ ની ભલામણ મુજબ, વ.ન.પા. સંચાલિત મ્યુ. હોસ્પિટલને ડેડીકેટેડ કોવિડ -૧૯ હેલ્થ સેન્ટર જાહેર કરતા હોસ્પીટલમાં આવતા દર્દીઓને સેવાઓ આપવા અર્થે તેઓને સવારે નાહવા માટે ગરમ પાણીની વ્યવસ્થા રૂપે ઈલેક્ટ્રીક ગીઝર ખરીદ કરવા બાબત..

ઠરાવ.:

હો.ક.ઠ.નં. ૧૫ /તા.:૧૫-૦૬-૨૦૨૦ ની ભલામણ મુજબ, મે.જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની સાથેની તા.: ૦૬/ ૦૫/૨૦૨૦ ના રોજ રૂબરૂ મુલાકાત દરમિયાન વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવતા હોસ્પિટલ માટે હાલે કોરેનટીન કરેલ 49 જેટલા પેસન્ટો માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવા સંદર્ભે હોસ્પીટલના ૪ વોર્ડ, ૧-ઓપરેશન રૂમમાં તથા ૬-સ્પેશીયલ રૂમ મળી કુલ-૧૧ જેટલા ઈલેક્ટ્રીક ગીઝર ફીટ કરાવવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આ અંગેની ફીટીંગ તથા જરૂરી એવા માલ-સામાન સહિતની ચીજ-વસ્તુઓ સ્થાનિક બજારમાંથી સ્પધાત્મક ભાવો મંગાવતા ત્રણ ઠેકેદારોના ભાવો આવેલ છે. સદરહું ભાવ પૈકી કલાપૂનમ એન્ટરપ્રાઈઝના ભાવો સૌથી ઓછા આવેલ છે. સદરહું ઓછા આવેલ ભાવોથી માલ-સામાન કારોબારી સમિતિની મંજુરતની અપેક્ષાએ ખરીદ કરવાનું અને બિલનું ચુકવણું કરવાનું ઠરાવેલ. જેને બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. -૭૬ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

---

વ.કા.ન.-૧૦.

.<u>વિષય.:</u> વલસાડ નગરપાલિકાની ડી.એન.શો.સેન્ટરની દુકાન નંબર.:બીજો-૪૮,શ્રી વિભા એજન્સીઝના નામેથી કમી કરી,શ્રી મિતુલ અતુલભાઈ દેસાઈ, મિન્ટુ મિતુલ દેસાઈના નામે ટ્રાન્સફર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકાની લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફિસરના રીપોર્ટમાં જણાવ્યા મુજબ ડી.એન.શો.સેન્ટરની દુકાન નંબર.:બીજો-૪૮,શ્રી વિભા એજન્સીઝના નામેથી કમી કરી, શ્રી મિતુલ અતુલભાઈ દેસાઈ, મિન્ટુ મિતુલ દેસાઈના નામે કરવા એફિડેવિટ સહિતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>શરતો.:</u>

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂ.૩૬000/- ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂ.:૫૪૭૨/- અગાઉથી ભરવાની રહેશે.જેના પર વ્યાજ આપવામાં આવશે નહિ.

(૩) સદર દુકાનનું હાલનું માસિક ભાડું રૂ.:૬૯૫/-છે. તેમાં ૨૫ ટકાનો વધારો કરતાં નવું માસિક ભાડું માહે ૨૦૧૯-૨૦થી રૂ.:૯૧૨/- ભરવાનું રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.:૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જૂની શરતોમાં સુધારો વધારો કરવામાં આવશે. તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામાં આવે તો તેનો અમલ ભોગવટો કરનારે-કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન /ઓફીસની આગળ ટ્રાફિકને અડચણકર્તા કોઈપણ માલસામાન કે વાહનો મુકવા નહી.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૭૭ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૧૧. .વિષય.: વલસાડ નગરપાલિકાની ડી.એન.શો.સેન્ટરની દુકાન નંબર.:બીજો-૪૮,શ્રી મિતુલ અતુલભાઈ દેસાઈ વિગેરેના નામેથી કમી કરી,શ્રી ભાવેશ બિપીનચંદ્ર દેસાઈ, નેહા ભાવેશ દેસાઈના નામે ટ્રાન્સફર કરવા બાબત..

ઠરાવ.:

વલસાડ નગરપાલિકાની લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફિસરના રીપોર્ટમાં જણાવ્યા મુજબ ડી.એન.શો.સેન્ટરની દુકાન નંબર.:બીજો-૪૮,શ્રી મિતુલ અતુલભાઈ દેસાઈ વિગેરેના નામેથી કમી કરી,શ્રી ભાવેશ બિપીનચંદ્ર દેસાઈ, નેહા ભાવેશ દેસાઈના નામે કરવા એફિડેવિટ સહિતની અરજી આવેલ છે. જે નીચે જણાવેલ શરતોને આધીન નામફેર (ટ્રાન્સફર) કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

શરતો.:

(૧) સદર દુકાનની નામ ટ્રાન્સફર ફી રૂ.૩૬૦૦૦/- ભરવાના રહેશે.

(૨) સદર દુકાનની છ માસની ભાડા ડીપોઝીટ રૂ.:૬૮૪૦/- અગાઉથી ભરવાની રહેશે.જેના પર વ્યાજ આપવામાં આવશે નહિ.

(૩) સદર દુકાનનું હાલનું માસિક ભાડું રૂ.:૯૧૨ /-છે. તેમાં ૨૫ ટકાનો વધારો કરતાં નવું માસિક ભાડું માહે ૨૦૧૯-૨૦થી રૂ.:૧૧૪૦ /- ભરવાનું રહેશે.

(૪) જ.બો.ઠ.નં.૬૧૧ તા.:૩૦/૧૦/૨૦૧૮ માં જણાવેલ શરતોનો અમલ કરવાનો રહેશે.

(૫) અરજદારશ્રીએ જરૂરી રકમના સ્ટેમ્પ પેપર ઉપર નગરપાલિકાએ નિયત કરેલ ખરડા મુજબનો કરારખત લખી આપવાનો રહેશે.

(૬) દુકાનનો ભોગવટો કરવા અંગે જૂની શરતોમાં સુધારો વધારો કરવામાં આવશે. તેમજ અગર કોઈ નવી શરત ઉમેરવામાં આવે તો તેનો અમલ ભોગવટો કરનારે-કરનારાઓએ ફરજીયાત કરવાનો રહેશે.

(૭) દુકાન /ઓફીસની આગળ ટ્રાફિકને અડચણકર્તા કોઈપણ માલસામાન કે વાહનો મુકવા નહી.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૭૮ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૧૨.

.વિષય.: વલસાડ નગરપાલિકાની મોરારજી દેસાઈ (અંદર) આવેલ દુકાન નંબર.: ૪૨, શ્રી રાઈન સાયરા ખાતુન  અબ્દુલ રસીદનું નામ ચાલી આવેલ છે. જેઓનું તા.:૧૭-૭-૨૦૧૯ ના રોજ અવસાન થવાથી, વારસાઈરુએ  તેમના પુત્રો રાઈન અબ્દુલમોબીન અબ્દુલરસીદ વિગેરેના નામો કબજેદાર તરીકે દાખલ કરવા બાબત...

ઠરાવ.:

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફિસરના રીપોર્ટમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાની મોરારજી દેસાઈ (અંદર) આવેલ દુકાન નંબર.: ૪૨, જે કબજેદાર તરીકે શ્રી રાઈન  સાયરા ખાતુન અબ્દુલ રસીદનું નામ ચાલી આવેલ છે. જેઓનું તા.:૧૭-૭-૨૦૧૯ ના રોજ અવસાન થયેલ હોય રૂ.૧૦૦/-ના નોટરી કરેલ સ્ટેમ્પ ઉપર વારસાઈ પેઢીનામાંની એફિડેવિટ રજુ કરેલ જેમાં કુલ-૭ (સાત) વારસદારો રજુ કરેલ છે જે પૈકી કબજેદારની સાત (૭)વારસદારો પૈકી ૩ (ત્રણ) પુત્રીઓએ ચાર ભાઈઓની તરફેણમાં કબજેદાર તરીકે પોતાના નામો  કમી કરવા રૂ.૧૦૦/-ના નોટરી કરેલ સ્ટેમ્પ ઉપર સંમતી પત્ર રજુ કરેલ છે. જેથી સદર મોરારજી દેસાઈ ( અંદર) માર્કેટમાં આવેલ દુકાન નં. ૪૨, માં કબજેદાર તરીકે ફક્ત (૪) ભાઈઓના નામો (૧) રાઈન અબ્દુલમોબીન અબ્દુલરસીદ (૨) રાઈન અબ્દુલમોઈન અબ્દુલરસીદ (૩) રાઈન મોઈનુદ્દીન અબ્દુલરસીદ (૪) રાઈન મોહંમદઆલમ અબ્દુલરસીદના નામો વલસાડ નગરપાલિકા રેકર્ડ દફતરે દાખલ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

વ.કા.ન.-૧૩ .

.વિષય.: વલસાડ નગરપાલિકાની નેતાજી સુભાષચન્દ્ર બોઝ શો. સેન્ટરની દુકાન નંબર.: ૨૩, શ્રી કે.પી.મોયુદ્દીનનનું નામ ચાલી આવેલ છે. જેઓનું તા.:૮-૧૨-૨૦૧૪ ના રોજ અવસાન થવાથી, વારસાઈરુએ તેમના પુત્રો અબ્દુલ રહેમાન કે. પી. વિગેરેના નામો કબજેદાર તરીકે દાખલ કરવા બાબત...

ઠરાવ.:

લાયસન્સ ફી ભાડા વસુલાત શાખા તથા ચીફ ઓફિસરના રીપોર્ટમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકાની માલિકીની નેતાજી સુભાષચન્દ્ર બોઝ શો. સેન્ટરની દુકાન નંબર.: ૨૩,માં કબજેદાર તરીકે શ્રી કે.પી.મોયુદ્દીનનનું નામ ચાલી આવેલ છે. જેઓનું તા.:૮-૧૨-૨૦૧૪ ના રોજ અવસાન થવાથી, તેમના સીધીલીટી ના વરસ્દારોનું રૂ.૧૦૦/-ના નોટરી કરેલ સ્ટેમ્પ ઉપર અ.નં.:-૦૧ થી ૦૮ વારસદારો દર્શાવેલ છે. જેમાં બે (૨) પત્ની ઉપરાંત ત્રણ (૩) પુત્ર અને ત્રણ (૩) પુત્રી બતાવેલ છે. જે પૈકી સદર દુકાનમાં કબજેદાર તરીકે (૧) અબ્દુલ રહેમાન કે. પી. (૨) ફ્યાસ કે.પી. અને (૩) જર્સીદ કે.પી.ની તરફેણમાં રૂ.૬૦૦/- ના નોટરી કરેલ સ્ટેમ્પ ઉપર સંમતી પત્રના આધારે નેતાજી સુભાષચન્દ્ર બોઝ શો. સેન્ટરની દુકાન નંબર.: ૨૩,માં કબજેદાર તરીકે ફક્ત ત્રણ ભાઈઓના નામો (૧) અબ્દુલરહેમાન કે.પી.(૨) ફયાસ કે.પી. (૩) જર્સીદ કે.પી.ના નામો વલસાડ નગરપાલિકા રેકર્ડ દફતરે દાખલ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે. .

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. -૮૦ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૧૪ .

.વિષય.: વો.વ.ક.ઠ.નં ૧૧ /તા.:૧૧/૦૫/૨૦૨૦ ની ભલામણ મુજબ ના.સરકારશ્રીની ૧૪ માં નાણાં પંચ યોજના હેઠળ અબ્રામા હેડ વર્કસ ખાતે ૧૧ એમ.એલ.ડી. પ્લાન્ટ તથા ૧૦ લાખ લીટર અંડર ગ્રાઉન્ડ સંપ તથા ચેમ્બરો બનાવવાના કામ અંગે ટેન્ડર સિવાય વધારેની કામગીરીને બહાલી આપી વધારેનો ખર્ચ મંજુર કરી આવેલ બિલ રૂ.૧,૬૩,૮૫૭ /-મંજુર કરવા બાબત..

ઠરાવ.: આ કામ કમિટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની ૧૪ માં નાણાં પંચ યોજના હેઠળ અબ્રામા હેડ વર્કસ ખાતે ૧૧ એમ.એલ.ડી. પ્લાન્ટ તથા ૧૦ લાખ લીટર અંડર ગ્રાઉન્ડ સંપ તથા ચેમ્બરો બનાવવાના કામ અંગે ટેન્ડર પ્રકિયા પૂર્ણ કરી વો.વ. જા. નં. ૨૦૨ / તા.: ૦૪/૦૧ /૨૦૧૮ થી રાજેશ્રી એન્જીનીયર- અમદાવાદને વર્ક ઓડર ઇસ્યુ કરવામાં આવેલ. સદર કામગીરી દરમિયાન સાઈટ ઉપર જરૂરી એવી ટેન્ડરમાં ઉલ્લેખ ન થયેલ કામગીરી કરવામાં આવે તોજ સદરહું પ્રોજેક્ટને આખરી ઓપ આપી શકાય તેમ હોય તેમજ સદરહું કામગીરીની સમય મર્યાદાને ધ્યાને લઇ નીચે જણાવ્યા મુજબની કામગીરી ઇજનેરશ્રીના નીરીક્ષણ હેઠળ કરવામાં આવેલ છે. જે અંગે ટેન્ડર સિવાયની વધારેની કામગીરીને બહાલી આપી વધારેનો ખર્ચ રૂ.૧,૬૩,૮૫૭ /-મંજુર કરી આવેલ બિલનું ચુકવણું કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

(1)400 mm Dia HDPE pipe Line Shifting Work (GWSSB )-25000=00

(2)RCC Chambar Repairing( M-200)(Item no
05033A1)R & B SOR-2015-16) - 38609=31

(3)Wash out line Chambar upgradation Work - 37500=00

(4)Earth Filling work with selected soil andmorrum
brought fromout side( R&B SOR It No.
3004008A Pg 49) – 62748=00

---------------

163857=31.

સ.મ.મંજુર.

કા.સ.ઠ.નં. -૮૧ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૧૫ .

.વિષય.: ના.સરકારશ્રીની અમૃત યોજના ( ૨૦૧૭-૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં રેલ્વે ઓવરબ્રિજ ઉપરથી પીવાના પાણીની લાઈન શીફટીગની કરવાના કામનો એસ્ટીમેટ રૂ.૧,૨૮,૭૨,૦૦૦/- પુરાનો મંજુર કરવા બાબત..

ઠરાવ.:

ના.સરકારશ્રીની અમૃત યોજના ( ૨૦૧૭-૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ઇજનેરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ સદરહું કામ કરાવવા માટે ઠેકેદારશ્રી ક્રિષ્ના કન્સ્ટ્રકશન કંપની એ/૩૭ અને ૨૯ નગરપાલિકા શોપિંગ સેન્ટર ધોબીઘાટ મહેસાણાનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે.સદરહું કામે માર્ગ અને મકાન વિભાગ વલસાડ તેમજ ઈરકોન ઇન્ટરનેશનલ લિમી.વલસાડ દવારા ધરમપુર રોડ આવેલ રેલ્વે ઓવરબ્રિજ તોડી નવો ઓવરબ્રિજ બનાવવાનું કામ હાથ ધરવાનું હોય જે અન્વયે વલસાડ નગરપાલિકા દવારા નાખવામાં આવેલ અબ્રામા વોટર વર્કસથી કલ્યાણ બાગ સુધી પીવાના પાણીની લાઈન સદરહુ રેલ્વે ઓવરબ્રિજ ઉપરથી પસાર થાય છે. અને જે પીવાના પાણીની લાઈન શીફટીંગ કરવાની જરૂરિયાત હોય જેથી સદરહું બાબતને ધ્યાનમાં લેતાં સદરહું કામે ઉપરોક્ત યોજનાના મંજુર કરેલ ઠેકેદારશ્રી પાસેથી પીવાના પાણીની લાઈન શીફટીંગ કરવાના કામનો એસ્ટીમેટ રૂ.૧,૨૮,૭૨,૦૦૦/-પુરાનો રજુ કરવામાં આવેલ છે.સદરહું રેલ્વે ઓવરબ્રિજ ઉપરથી પીવાના પાણીની લાઈન શીફટીગની કરવા માટે ઠેકેદાર શ્રી ક્રિષ્ના કન્સ્ટ્રકશન કંપની એ/૩૭ અને ૨૯, નગરપાલિકા શોપિંગ સેન્ટર ધોબીઘાટ મહેસાણા પાસેથી સદરહું કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૮૨ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૧૬ .

.વિષય.: વલસાડ નગરપાલિકા હસ્તકનાં ડીઝલ-ડી વોટરીંગ પંપ સેટ રીપેરીંગ માટે જરૂરી માલ સામાન ખરીદ કરવાનાં કામ બાબત..

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા હસ્તકનાં ડીઝલ-ડીવોટરીંગ પંપ સેટ રિપેર કરી, સ્ટેન્ડ ટુ પોઝીશનમાં રાખવા માટે નામદાર સરકારશ્રી તરફથી સુચના મળેલ છે. હાલે ચોમાસાની સીઝન હોય, શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના બનાવો બનતા હોય છે. જેનો સત્વરે નિકાલ કરવાનો થતો હોય, કામની અગત્યતાને લઈને, વલસાડના સ્થાનિક, ફિલ્ડ માર્શલ એજન્સીઝ –સ્ટેડીયમ રોડ વલસાડના ભાવપત્રક અત્રેની કચેરીએ મળેલ છે તો તે અંગેનું ખર્ચ રૂ.૬૩,૯૭૫/- જ.બોર્ડની મંજુરતની અપેક્ષાએ મંજુર કરી, ફિલ્ડમાર્શલ એજન્સી-વલસાડ પાસેથી ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**વ.કા.ન.-૧૭.**

.**વિષય.:** અબ્રામા ઝોન કચેરી માટે કોમ્પ્યુટર વિથ પ્રિન્ટર સ્કેનર સેટ ખરીદવા બાબત..

**ઠરાવ.:**

અબ્રામા ઝોન ,વલસાડ નગર સેવા સદન તથા ચીફ ઓફિસરશ્રીનો રીપોર્ટ વંચાણે લેવામાં આવ્યો. અબ્રામા ઝોન ઓફિસથી કરવા પાત્ર  રીપોર્ટ તથા વહીવટી કામને લગતા પત્રોના જવાબ ટાઇપ કરવા માટે ઝોન ઓફીસ ખાતે કોમ્પ્યુટર વિથ પ્રિન્ટર, સ્કેનર સેટની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી. જેથી સદરહું સુવિધા પૂરી પાડવા માટે, તેમજ અબ્રામા ઝોન ઓફિસમાં ઝડપથી અને વ્યવસ્થિત પત્રોના જવાબો, રિપોર્ટો વિગેરેની તમામ કામગીરી કોમ્પ્યુટર ઉપર કરવા માટે, સત્વરે કોમ્પ્યુટર વિથ પ્રિન્ટર, સ્કેનર સેટ, નંગ-૧,ની ખરીદી કરવાની જરૂરિયાત હોઈ, સદરહું ઉપરોક્ત જણાવેલ ખરીદી, ના.સરકારશ્રીના GEM પોર્ટલ પરથી કરવા અંગેની જરૂરી  નિયમોનુસાર આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. -૮૪ / તા.:૧૮-૦૭ -૨૦૨૦.

વ.કા.ન.-૧૮.

.વિષય.: માન.મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસ યોજના અન્વયે ભરતી કરવા બાબતના સરક્યુંલર કા.સ.ઠ.નં.૪૭૪ / તા.:૨૦/3/૨૦૨૦ના થયેલ ઠરાવ અંગે ફેરવિચારણા કરવા બાબત..

ઠરાવ.:

મે. કમિશ્નરશ્રી, મ્યુંનીસીપાલીટી એડમિનિસ્ટ્રેશનની કચેરી ,ગાંધીનગરના પત્ર નં. નપાની / સંકલન /વશી/ ૨૦૧૯ /૭૯૨૫ / ૭૯૩૦ / તા.: ૧૨-૭-૨૦૧૯ થી "માન.મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસ યોજના " અન્વયે વલસાડ નગરપાલિકાને સને વર્ષ-૨૦૧૯-૨૦ ના લક્ષ્યાંકની સંખ્યા ૪૫ એપ્રેન્ટિશોની ભરતી માટેનો ફાળવવામાં આવેલ છે. જે અન્વયે સરકારશ્રીના " સેવા સેતુ " કાર્યક્રમમાં "માન.મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસ યોજના નો સમાવેશ થયેલ છે. જે અન્વયે સદર એપ્રેન્ટિશોની આવેલ અરજીઓ સ્વીકારવા જણાવેલ. તેમજ નગરપાલિકાના જુદી જુદી શાખાઓમાં શાખા અધિકારીશ્રી દવારા હાલની કામગીરીને પહોંચી વળવા અનુભવી એવા એપ્રેન્ટિસ હોય તો કામગીરી ઝડપી વ્યવસ્થિત રીતે કરી શકે તેવા શુભ આશયથી એપ્રેન્ટિશોને પુનઃએક (૧)વર્ષ માટે ફાળવવા માટેની રજૂઆત આવેલ છે.

ધ ગેઝેટ ઓફ ઇન્ડિયા,નવી દિલ્હી, તા.:૨૫-૦૯-૨૦૧૯ ની અધીસુચના મીનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલોપમેન્ટ એન્ડ એપ્રેન્ટિસશીપ નોટીફીકેશનના નિયમો અને ઉપનીયમોથી માસિક લઘુત્તમ દર નક્કી કરવામાં આવેલ છે.જે શરતોને આધીન સ્ટાઇપેંડ ચૂકવવાનું થાય છે. નગરપાલિકાની જરૂરિયાત મુજબના ફાળવેલ ટ્રેડમાં બંધ બેસતી લાયકાત ધરાવતા જરૂરિયાત મુજબના એપ્રેન્ટિશોને સદર આવેલ અરજીઓ ધ્યાને લઇ આગામી એક વર્ષના સમયગાળા માટે નિયમોનુસાર આગામી કાર્યવાહી અર્થે ઓધોગિક તાલીમ સંસ્થા, પારડી, જી.વલસાડ ખાતે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા તેમજ નિયત કરેલ તાલીમના કરારમાં દર્શાવેલ સમયગાળા દરમિયાન તાલીમ અર્થે નિમણુંક આપવાની થાય છે.જેની વિગતો આ સાથે સામેલ છે. સદર ટ્રેડના એપ્રેન્ટિશોના કરારનો સમયગાળો પૂર્ણ થયેથી તેઓની એપ્રેન્ટિશ તરીકેની તાલીમ આપો આપ પૂર્ણ થયેલ ગણાશે.

સદર ટ્રેડોના એપ્રેન્ટિશોની તાલીમ સમયગાળા દરમિયાન તેઓને ચુકવવામાં આવતા સ્ટાઇપેંડ પેટેની સરકારશ્રીમાંથી નગરપાલિકાને મળવાપાત્ર ગ્રાન્ટ મેળવવા અંગેની દર ત્રિ-માસિક દરખાસ્તો નિયત પત્રકોમાં સરકારશ્રીમાં રજુ કરવાની થાય છે. જેથી સામેલ યાદી મુજબના એપ્રેન્ટિશોને વહીવટના વિશાળ હિતમાં ટ્રેડ અનુસાર સરકારશ્રીએ નિયત કરેલ અવધિના

સમયગાળા માટે પુનઃ નિમણુંક અંગેની નીયમોનુંસારની જરૂરી આગળની કાર્યવાહી કા.સ.ઠ.નં.૪૭૪/ તા.:૨૦-૩-૨૦૨૦ થી ઠરાવેલ છે. જેને બહાલ રાખવાનું તથા સદરહું થયેલ ઠરાવથી જે એપ્રેન્ટિશોની પુનઃનિમણુંક થયેલ છે તે નિમણુંકો રદ કરી તેઓને છુટા કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

સહી/-અવાચ્ય

ચેરમેન

કારોબારી સમિતિ

વલસાડ નગરપાલિકા